# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મી ઓગષ્ટે ઉત્તર ગુજરાતને 307 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ આપશે**
2. **સુરતની વીર નર્મદ યુનિવર્સિટી ખાતે ૮૧ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 'કાપડ સંશોધન અને વિસ્તરણ કેન્દ્ર '’ને ખુલ્લું મૂકતા પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશ**
3. **અમરેલીના જાફરાબાદના દરિયામાં ગુમ થયેલા ત્રણ માછીમારોના મૃતદેહ મળ્યા હતાં, હજુ 8 લાપતા**
4. **રાજયમાં છેલ્લા 22 કલાક દરમ્યાન , 225 તાલુકામાં વરસાદ સાથે મોસમનો કુલ સરેરાશ 77 ટકા જેટલો વરસાદ વરસ્યો**
5. **અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આવતીકાલથી પ્રારંભ થશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM NORTU GUJARAT PROJECT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 ઓગસ્ટે ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે.

આ મુલાકાત દરમિયાન શ્રી મોદી ઉત્તર ગુજરાતમાં **307** કરોડ રૂપિયાના રોડ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. માર્ગોના નવીનીકરણ , અંડરપાસ અને ઓવરબ્રિજ સહિતના આ પ્રોજેકટથી ઉત્તર ગુજરાતમાં કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે

સાંભળીએ એક અહેવાલ

## વોઈસ કાસ્ટ - અર્પણા ખૂંટ

*પ્રધાનમંત્રી₹33 કરોડના ખર્ચે વિરમગામથી ખુડદ થઈ રામપુરા સુધીના 21 કિલોમીટરના માર્ગના વિસ્તરણનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ , અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં કુલ ₹274 કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. તેમાં અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર ત્રણ છ-માર્ગીય વ્હિકલ અંડરપાસ, અમદાવાદ-વિરમગામ રોડ પર આવેલ ફાટક નં. 40 ઉપર રેલવે ઓવરબ્રિજ), કડી-થોળ થઈ સાણંદ સુધીના 24 કિલોમીટર લંબાઇના માર્ગના નવિનીકરણની કામગીરી અને ગિફ્ટ સિટી જતાં બાપાસીતારામ જંક્શનનું ચાર-લેનમાંથી આઠ-લેન રોડમાં વિસ્તરણનો સમાવેશ થાય છે.*

*અપર્ણા ખૂંટ //આકાશવાણી સમાચાર //અમદાવાદ*

---

# SURAT

વીર નર્મદ યુનિવર્સિટી ખાતે સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજનાના અનુદાનથી 81 લાખ રૂપિયા ના ખર્ચે સાકારિત થયેલા ‘કાપડ સંશોધન અને

વિસ્તરણ કેન્દ્ર ’ને પૂર્વ કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોશના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

દર્શનાબેન જરદોશે આ કેન્દ્ર કૃષિમાં કપાસ સંશોધન માટે ખૂબ ઉપયોગી બનશે એમ જણાવી વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં કૃષિ ક્ષેત્રનો ફાળો, કૃષિ અભ્યાસના મહત્વ અને જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ કેન્દ્ર સુરત, ભરૂચ, નર્મદા, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાઓને સંશોધન, માટી પરીક્ષણ, બીજ વિકાસ, જીવાત નિયંત્રણ અને તાલીમ કાર્યક્રમોની સુવિધા પૂરી પાડશે.

---

## ADI KARMYOGI WORK SHOP

ગાંધીનગર ખાતે એક દિવસીય આદિ કર્મયોગી –કાર્યશાળા યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આદિ કર્મયોગી રિસ્પોન્સિવ ગવર્નન્સ કાર્યક્રમ અંગે અધિકારીઓને માહિતગાર કરવાનો હતો.

પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી મહા અભિયાન અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન આદિ કર્મયોગી અભિયાન સાથે સંકલિત છે. તેનો હેતુ દેશભરમાં 20 લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો છે. જેમાં 1 લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ , ત્રણ હજાર આદિવાસી તાલુકાઓ, 550 થી વધુ આદિવાસી જિલ્લાઓ , 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત રાજયના સવિશેષ વસ્તી ધરાવતા 15 જિલ્લાઓ , 94 તાલુકાઓ અને 4 હજાર 245 ગામડાઓમાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત કામગીરી કરવામાં આવશે.

આગામી તા.25થી 28 ઓગસ્ટ દરમિયાન ગાંધીનગર ખાતે આદિ કર્મયોગી સ્પોન્સિવ ગવર્નન્સ પ્રોગ્રામ અંતર્ગત સ્ટેટ પ્રોસેસ લેબનું આયોજન કરાયું છે.

---

# AMRELI FISHERMEN

અમરેલી જિલ્લાના જાફરાબાદના દરિયામાં ગુમ થયેલ માછીમારોના ત્રણ મૃતદેહ મળ્યા હતાં. હજુ 8 લાપતા છે. મૃતદેહોને જાફરાબાદ લાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે , તાજેતરમાં અરબી સમુદ્રમાં 3 બોટ ડૂબી જતાં , 11 માછીમારો લાપતા છે.

---

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં અરબી સમુદ્રમાં એક હવાના ભારે દબાણવાળા ચક્રવાતની સિસ્ટમ સક્રિય થવાને કારણે ચોમાસુ સંપૂર્ણ પણે સક્રિય થયું છે. જેની અસરને કારણે રાજ્યમાં આગામી 5 દિવસ સુધી ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના હોવાનું હવામાન વિભાગના વડા ડૉ.એ.કે. દાસે જણાવ્યું હતું. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત માટે યલો એલર્ટ જાહેર કરાયું છે.

**બાઇટ – ડૉ.એ.કે. દાસ, વડા, હવામાન વિભાગ**

**પવનની ગતિ ચાળીસથી પચાસ કિલોમીટર રહેવાની હોવાને કારણે આગામી 5 દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે, આ જોખમને ધ્યાનમાં રાખીને રાજ્યના દરિયાકાંઠે 3 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.**

---

# STATE RAIN

રાજયમાં ગઇકાલે સવારે છ વાગ્યાથી આજે સવારે  ચાર  વાગ્યા સુધી પૂરા થતાં 22 કલાક દરમ્યાન, 225 તાલુકામાં વરસાદનાં અહેવાલ છે.

સાબરકાંઠાના વડાલી અને ખેડબ્રહ્માામાં સૌથી વધુ 7 ઈંચથી વધુ વરસાદ નોધાયો હતો. જ્યારે મહેસાણાના સતલાસણા અને સુરતના ઉમરપાડામાં 3 ઇચથી વધુ અને સાબરકાંઠાના ઇડર અને આણંદમાં 2 ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીનો મોસમનો કુલ સરેરાશ 77 ટકા જેટલો વરસાદ થયો છે.

રાજ્યની જીવાદોરી સમાન નર્મદા સરોવર બંધમાં હાલ 81 ટકા જેટલો જળ સંગ્રહ થયો જ્યારે રાજ્યમાં 76 બંધ હાઇ અલર્ટ અને 33 બંધ અલર્ટ પર છે. દરમિયાન વરસાદનાં કારણે ફસાયેલાં 5 હજાર 191 લોકોનું સ્થળાંતર કરાયું અને 926 લોકોને બચાવાયાં છે. બીજી તરફ રાજ્યના કુલ 228 માર્ગ વાહન વ્યવહાર માટે બંધ કરાયા છે.

પાટણમાં શહેરમાં દિવસભર વાતાવરણ વાદળછાયું રહ્યા બાદ સાંજે હળવો વરસાદ શરૂ થયો હતો.  જિલ્લાના જુદા જુદા તાલુકામાં હળવા ઝાપટા નોંધાયા હતા. રાત્રે દસ વાગ્યા બાદ ભારે વરસાદને કારણે પાટણનું રેલવે ગરનાળું પાણીથી ભરાઈ જતા વાહન વ્યવહાર થંભી ગયો હતો.

અરવલ્લી જિલ્લા ના તમામ તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. સૌથી વધારે ધનસુરામાં **35** મીલીમીટર અને મોડાસા, મેઘરજ અને માલપુર સહિતના વિસ્તારોમાં પણ છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો.

---

# MAHISAGAR STUDENT ATTACKED

મહીસાગર જિલ્લામાં અમદાવાદના સેવન ડે સ્કૂલ જેવી ઘટના સામે આવતા શિક્ષણ જગતમાં ચર્ચાનો વિષય બન્યો છે. બાલાસિનોરના તળાવ દરવાજા પ્રાથમિક શાળામાં ધોરણ આઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર તિક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી બાલાસિનોર પોલીસે વિદ્યાર્થી પાસે હથિયાર ક્યાંથી આવ્યું તેની તપાસ કરી રહી છે. જ્યારે શાળાના આચાર્યએ જણાવ્યું કે વિદ્યાર્થીઓને જાગૃત કરવા અને મોબાઇલ ગેમિંગ જેવી માનસિક અસરો કરનારી ગેમના ઉપયોગ સામે જાગૃતિ લાવવા શાળામાં વર્કશોપ યોજાશે .

બીજીતરફ ભાવનગરમાં અમદાવાદમાં સેવન્થ ડે સ્કૂલમાં થયેલ વિદ્યાર્થીની હત્યા સંદર્ભે ભાવનગરમાં મોતીબાગ ટાઉન હોલ થી રેલી યોજાઇ હતી અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી આ બનાવ અંગે કડક પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી હતી.

પાટણ સિંધી સમાજ જનરલ પંચાયત તરફથી મુખ્યમંત્રી અને ગૃહ મંત્રીને ઉદ્દેશીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી માંગણી કરાઈ છે કે, આ વિધાર્થીને ન્યાય આપવામાં આવે, જેઓ ગુનેગાર છે એમને કડકથી કડક કાર્યવાહી કરવામાં આવે અને સ્કૂલ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ ભવિષ્યમાં કોઈપણ વિધાર્થી સાથે આવો બનાવ ન બને તે માટે સરકાર દ્વારા પગલા ભરવામાં આવે.

આ પ્રસંગે સમગ્ર સિંધી સમાજ દ્વારા કલેક્ટર કચેરી ખાતે મૌન પાળી શ્રધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જ્યારે પાટણ સિંધિ સમાજે કલેક્ટર ને આવેદનપત્ર આપીને સમગ્ર ઘટનામાં સંડોવાયેલા સામે કડક પગલાં ભરવા માગ કરી હતી.

---

## AMBJI MELO

શક્તિ ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળાનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે, આ મહામેળામાં લાખો માઈ ભક્તો અંબાજી પગપાળા આવતા હોય છે, જેને ધ્યાનમાં રાખીને હંગામી ભોજનાલય શ્રી અંબિકા અન્નક્ષેત્ર બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલના હસ્તે ખુલુ મૂકવામાં આવ્યું હતું,

આ અન્નક્ષેત્રમાં માઈ ભક્તોને મેળા દરમિયાન બંને સમય નિઃશુલ્ક ભોજન અપાશે

### બાઈટ : મિહિર પટેલ, કલેકટર બનાસકાંઠા

---

## WAITLIFING

અમદાવાદના નારણપુરા ખાતેના ધરાવતા વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપનો આવતીકાલથી પ્રારંભ થશે. 24મી ઓગસ્ટના રોજ સ્પર્ધાનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે અને 25થી 31 ઓગસ્ટ દરમિયાન સ્પર્ધાઓ યોજાશે.

કેન્દ્ર સરકારના યુથ અફેર્સ અને રમત મંત્રાલય, રાજ્ય સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને ઇન્ડિયન વેઇટ લિફ્ટિંગ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારી કોમનવેલ્થ વેઇટ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ સ્પર્ધામાં 30 કોમનવેલ્થ દેશોના 291 એથલિટ્સ ભાગ લેશે. એટલું જ નહીં, આ સ્પર્ધા ગ્લાસગો ખાતે યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ 2026ની ક્વોલિફાયર ઇવેન્ટ પણ હશે.

---